# Shivaji Nu Halardu Song Lyrics

Abhama ugel chandlo ne jijabai ne avya bad re
Jijabaine avya bad
Baluda ne mat hichode dhannnn dungara dole
Sivajine nindaru na ave mata jijabai jhulave

Ae.. petma podhin ha petma padhin hambhadeli bade ram lakhman ni vat re
Siva ram lakhman ni vat
Matajine mukh je di thi udi aeni ungh te di thi
Sivajine nindaru na ave mata jijabai jhulave

Ae.. podhjo re mara podhjo re mara bal podhilejo pet bharine aaj re
Siva pet bharine aaj
Kale kada judhdh khelashe suvatanu kyay n reshe
Sivajine nindaru na ave mata jijabai jhulave

Ae...dhavjo re mara ae ji dhavjo re mara pet dhavi lejo khub drapine aaj re
Siva khub drapine aaj
Reshe nahi ran gheluda khava muthi dhanni veda
Sivajine nindaru na ave mata jijabai jhulave

Ae..peri odhi lejo peri odhi lejo patda re pida laal piroji chir re
Pida lal piroji chir
Kaya tari lohima nahshe dhakan te di dhal ni thashe
Sivajine nindaru na ave mata jijabai jhulave

Ae...dhudhra ghavni dhudhra dhavni popat lakdi fervi leje aaj re
Siva fervi leje aaj
Te di tare hath revani rati bambod bhavani
Sivajine nindaru na ave mata jijabai jhulave

Are lal kanku kero lal kanku kero chandlane bhane tanjo kesar aad re
Bhale tanjo kesar aad
Te di sidoriya thapa chhati mathe jhilva bapa
Sivajine nindaru na ave mata jijabai jhulave

Ae...aaj mata chode aaj mata chode chumiyu re bad jhiljo bevad gal re
Siva jhiljo bevad gal
Te di tara modhada mathe ghuvadhar top mandashe
Sivajine nindaru na ave mata jijabai jhulave

Ae...aaj matajini aaj mataji godma re tune hunf aave aath por re
Tune hunf aavae aath por
Te di kadi medhli rate vayu tadha mot na vashe
Sivajine nindaru na ave mata jijabai jhulave

Aaj mata deti aaj mata deti pathari re kuna fulda keri sej
Aaj mata deti pathari re kuna fulda keri sej re
Kuna fulda keri sej
Te di tari vir pathari patharshe vish bhujadi
Sivajine nindaru na ave mata jijabai jhulave

Ae...aaj matajine aaj matajine khodle re tara mathda jhole jaay re
Taara mathda jhole jaay
Te di taare shir oshika melashe tir bandhuka
Sivajine nindaru na ave mata jijabai jhulave

Ae...sui leje mara sui leje mara kesari re tari hindvanu jove vat re
Tari hindvanu jove vat
Jagi velo av baluda mane hath bhet bandhava
Jagi velo aavje vira tilu mana hath nu leva
Bharatlyrics.com
Tilu mana lohinu leva.

BHARAT lyrics

---

*More Lyrics from [Shivam Cassettes Gujarati Music]()*

# શિવાજી નું હાલરડું Lyrics In Gujarati

આભમાં ઉગેલ ચાંદલો ને જીજાબાઇને આવ્યા બાળ રે
જીજાબાઇને આવ્યા બાળ
બાલુડા ને માત હિંચોળે ઘણણણ ડુંગરા ડોલે
શિવાજીને નીદરુ ના’વે માતા જીજાબાઇ ઝૂલાવે

એ..પેટમાં પોઢીન હા પેટમાં પોઢીન હાભળેલી બાળે રામ લખમણની વાતરે
શિવા રામ લખમણની વાત
માતાજીને મુખ જે દી થી ઊડી એની ઉંઘ તે દી થી
શિવાજીને નીદરુ ના’વે માતા જીજાબાઇ ઝૂલાવે

એ..પોઢજો રે મારા પોઢજો રે મારા બાળ પોઢી લેજો પેટ ભરીને આજ રે
શિવા પેટ ભરીને આજ
કાલે કાળા જુદ્ધ ખેલાશે સુવાટાણું ક્યાંય ન રે’શે
શિવાજીને નીદરુ ના’વે માતા જીજાબાઇ ઝૂલાવે

એ..ધાવજો રે મારા એ જી ધાવજો રે મારા પેટ ધાવી લેજો ખૂબ ધ્રાપીને આજ રે
શિવા ખૂબ ધ્રાપીને આજ
રેશે નહી રણ ઘેલુડા ખાવા મુઠ્ઠી ધાનની વેળા
શિવાજીને નીદરૂ ના'વે માતા જીજાબાઇ ઝૂલાવે

એ..પેરી ઓઢી લેજો પેરી ઓઢી લેજો પાતળા રે પીળા લાલ પીરોજી ચીર રે
પીળા લાલ પીરોજી ચીર
કાયા તારી લોહીમાં ના'શે ઢાંકણ તે દી' ઢાલનું થાશે
શિવાજીને નીદરૂ ના'વે માતા જીજાબાઇ ઝૂલાવે

એ..ઘૂઘરા ધાવણી ઘૂઘરા ધાવણી પોપટ લાકડી ફેરવી લેજે આજ રે
શિવા ફેરવી લેજે આજ
તે દી તારે હાથ રે'વાની રાતી બંબોળ ભવાની
શિવાજીને નીદરૂ ના'વે માતા જીજાબાઇ ઝૂલાવે

અરે લાલ કંકુ કેરો લાલ કંકુ કેરો ચાંદલાને ભાલે તાણજો કેસર આડ રે
ભાલે તાણજો કેસર આડ
તે દી તો સિંદોરિયા થાપા છાતી માથે ઝીલવા બાપા
શિવાજીને નીદરૂ ના'વે, માતા જીજાબાઇ ઝૂલાવે

એ..આજ માતા ચોડે આજ માતા ચોડે ચૂમીયું રે બાળા ઝીલજો બેવડ ગાલ રે
શિવા ઝીલજો બેવડ ગાલ
તે દી તારા મોઢડા માથે ધુંવાધાર તોપ મંડાશે
શિવાજીને નીદરૂ ના'વે માતા જીજાબાઇ ઝૂલાવે

એ..આજ માતાજીની આજ માતાજીની ગોદમાં રે તુંને હુંફ આવે આઠે પોર રે
તુંને હુંફ આવે આઠે પોર
તે દી કાળી મેઘલી રાતે વાચુ ટાઢા મોતના વાશે
શિવાજીને નીદરૂ ના'વે માતા જીજાબાઇ ઝૂલાવે

આજ માતા દેતી આજ માતા દેતી પાથરી રે કૂણાં ફૂલડા કેરી સેજ
આજ માતા દેતી પાથરી રે કૂણાં ફૂલડા કેરી સેજ રે
કૂણાં ફૂલડા કેરી સેજ
તે દી તારી વીર પથારી પાથરશે વીશ ભુજાળી
શિવાજીને નીદરૂ ના'વે, માતા જીજાબાઇ ઝૂલાવે

એ..આજ માતાજીને આજ માતાજીને ખોડલે તારા માથડાં ઝોલે જાય રે
તારા માથડાં ઝોલે જાય
તે દી તારે શિર ઓશીકાં મેલાશે તીર બંધૂકા
શિવાજીને નીદરૂ ના'વે માતા જીજાબાઇ ઝૂલાવે

એ...સૂઇ લેજે મારા સૂઇ લેજે મારા કેસરી રે તારી હિંદવાણું જોવે વાટ રે
તારી હિંદવાણું જોવે વાટ
ભારતલીરીક્સ.કોમ
જાગી વે'લો આવ બાલુડા માને હાથ ભેટ બંધાવા
જાગી વે'લો આવજે વીરા ટીલું માના હાથ નું લેવા
ટીલું માના લોહીનું લેવા.

*More Lyrics from Shivam Cassettes Gujarati Music*

BHARAT lyrics